# કાણોદરમાં નકલી ચલણી નોટો સાથે ઝડપાયેલા આરોપીઓ સબજેલના હવાલે

## ઝેરોક્ષ મશીનમાં ડુપ્લીકેટ ચલણી નોટો છપાતી હતી : ૨૦૦૦ના દરની ૨૨,૦૦૦ની નકલી નોટો સાથે ૩ આરોપી ઝડપાયા હતા

પાલનપુર તાલુકાના કાણોદર ગામમાંથી નકલી ચલણી નોટો સાથે ૩ શખ્સોને ઝડપાયા



હતા. જેઓને કોર્ટમાં રજૂ કરી ૭ દિવસના પોલીસ રિમાન્ડની માંગ કરાઈ હતી. જોકે, કોર્ટે રિમાન્ડ ના-મંજુર કરતા આરોપીઓને સબજેલના હવાલે કરાયા હતા.

કાણોદર ગામમાં નકલી નોટો નું ટ્રાન્ઝેક્શન થવાનું હોવાની બાતમી મળતા પાલનપુર તાલુકા પી.એસ.આઈ એ.વાય.પટેલે સ્ટાફ સાથે રેડ કરી હતી. રેડ દરમિયાન રૂ. ૨૦૦૦ના દરની રૂ.૨૨,૦૦૦ની નકલી ચલણી નોટો મળી આવી હતી. પોલીસે નકલી નોટો સાથે ૩ આરોપીઓને ઝડપી લીધા હતા. આ નકલી નોટો કાણોદર ગામના ઝેરોક્ષ સેન્ટરમા છપાતી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. ત્યારે પોલીસે ઝેરોક્ષ સેન્ટરના માલિક સહીત ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી. દરમિયાન, પોલીસે ત્રણે આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં પોલીસે આરોપીઓના ૭ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જોકે, કોર્ટે આરોપીઓના રિમાન્ડ ના-મંજુર કરતા આરોપીઓને સબજેલના હવાલે કર્યા હતા. જોકે, પોલીસ તપાસમાં વધુ નામો ખુલે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

# ખેડબ્રહ્મા રહેણાક વિસ્તારમાં મોબાઈલ ટાવરનો વિરોધ

ખેડબ્રહ્મા, તા. ૩૧

ખેડબ્રહ્માના ગામ વિસ્તારમાં એક રહેણાક મકાનના ધાબા ઉપર મોબાઈલ ટાવર ઉભો કરવાની કાર્યવાહી શરૂ થતા રહીશો ધ્વારા સખત વિરોધ થઈ રહ્યો છે. રહીશોએ રહેણાક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભો થતો અટકાવવા નાયબ કલેક્ટર, મામલતદાર અને ચીફ ઓફિસરને લેખિત જાણ કરી વિરોધ દર્શાવ્યો છે.

ખેડબ્રહ્માના નિલેન્દુ ચંપકલાલ મહેતા, દેવચંદભાઈ દરજી, નટુભાઈ ત્રિવેદી, શૈલેષભાઇ જે મહેતા તથા મનહરભાઈ રામી સહિતના રાહીશોના જનાવ્યા અનુસાર રાધાકૃષ્ણ મંદિર પાછળ દરજી રમણભાઈ લીલાભાઈના મકાનના ધાબા ઉપર મોબાઈલ ટાવર ઉભો કરવાની શરૂ કરવામાં આવી છે આ ગીચ રહેણાક વિસ્તાર છે. દરજી રમણભાઈનું મકાન ગીચ વિસ્તારમાં આવેલ છે. રહેણાક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભો કરી શકાય નહીં, અને ટાવર ઉભો થવાથી રહીશો, પક્ષીઓને ટાવરના રેડિયેશનથી મોટું નુકસાન થાય તેમ છે. ધાબા ઉપર તોતિંગ ટાવર ઉભો થવાથી ભવિષ્યમાં વાવાઝોડા કે અન્ય કારણોસર જો ટાવર પડી જાય તો ગીચ વસ્તીના કારણે જાન માલને નુકશાન થવા ની શક્યતા છે. આ વિસ્તાર મા રમણલાલ દરજીના ઘર ની પાસે જ મંદિર તથા પ્રાથમિક શાળા આવેલી છે. જેથી આ ટાવર જોખમી સાબિત થાય તેમ છે. ભૂતકાળમાં નયન કલેક્ટ્સર ઈડર ધારા રહેણાક વિસ્તસરમાં મોબાઈલ ટાવર ઉભો ન કરી શકાય તેવું માર્ગદર્શન ખેડબહમાં નગરપાલિકાને લેખિતમાં આપેલ છે. જેથી નગરપાલિકાએ પણ રહેણાક વિસ્તારમાં ઉભા થતા મોબાઈલ ટાવરને અટકાવી મંજૂરી ન આપવા રાહીશોની માગણી અને લાગણી છે.

# મોડાસાના શાલમપુર ૧૦થી વધુ પરિવારો પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભથી વંચિત

મોડાસા, તા.૩૧

પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ ઘરવિહોણા તમામ લોકોને પાકા મકાનો બનાવવા માટે તથા જર્જરીત મકાનોમાં રહેતા લોકોને પણ પાકા મકાનો બાંધવા માટે નાણાંકિય સહાય પુરી પાડવામાં આવે છે.

સરકારી આંકડા મુજબ આ યોજનાના અમલ માટે વર્ષ ૨૦૧૬-૧૭ થી ૨૦૧૮-૧૯ સુધીના ત્રણ વર્ષના ગાળામાં ૧.૦૦ કરોડ પાકા મકાનો બનાવવા માટે સહાય પુરી પાડવાનો લક્ષાંક છે અને તેના માટે થનારો ખર્ચ રૂ. ૮૧૯૭૫ કરોડનો અંદાજ છે આ ખર્ચ કેન્દ્ર તેમજ રાજ્ય સરકારો દ્વારા સંયુક્ત રીતે ઉઠાવે છે જોકે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગ્રામ પંચાયતમાં આવેલ શાલમપુર ગામમાં દસ થી વધુ પરિવારો અતિ જર્જરીત છાપરાઓમાં વસવાસટ કરી રહ્યા છે પરિવારોને અગમ્ય કારણોસર આ યોજનનો લાભ મળ્યો નથી.

ખંભીસરના ગ્રામ તલાટી પણ આ મકાનોની મુલાકાત લઈ ગયા છે પરંતુ કોઈ નક્કર પરિણામ આવ્યુ નથી.

ખંભીસર ગ્રામ પંચાયતના સરપંચનો ટેલીફોનીક સંપર્ક કરીને


તસવીર : મેહુલ જોષી

પંચાયતમાં સમાવિષ્ટ ગરીબ અને ખેતરમાં મજુરી કામ કરી પેટીયુ રળતા દસ કરતા વધારે અરજદારો એ ત્રણ વર્ષ પહેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મેળવવા માટે અરજી કરી હોવાનું જણાવી ગામલોકોએ વધુમાં જણાવ્યું હતુ કે અરજી કર્યા બાદ જવાબદાર અધિકારીઓ અને સરપંચ પણ સ્થળની મુલાકાત લઈ ગયા પરંતુ વાયદા સિવાય કશુ જ હાથ લાગ્યુ નથી. અત્રેના અરજદારોએ જણાવ્યુ હતુ કે તેમનુ છાપરૂ પડી જવાના ડર ના કારણે ચોમાસામાં ઢોર બાંધવાના શેડમાં રાત્રે સુઈ રહે છે. શાલમપુર ગામના એક વૃદ્ધ મહિલાએ પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ અરજી કરી જોકે મકાન તો ન બન્યુ પરંતુ તેઓ પરલોક સિધાવી ગયા આ ગામના પુછતા તેમણે જણાવ્યુ હતું કે અરજદારોએ ત્રણ મહિના અગાઉ જ અરજી કરી હોવાનું જણાવ્યું હતું ત્યારે અરજદારો સાચા કે સરપંચ તે અંગે વિચારવું રહ્યું.

બીજી બાજુ આ અંગે મોડાસા તાલુકા પંચાયતમાં આવાસ યોજનાની કામાગીરી સંભાળતા જીતેન્દ્રભાઈ પંડયાનો સંપર્ક કરતા તેમણે આ અંગે કોઈ જ માહિતી નથી તેવુ જણાવ્યુ હતું.

હાલતો આ ગરીબ લોકો પાસે સંત્રીઓ અને મંત્રીઓ આપેલ આશ્વશનો અને વાયદાઓ સિવાય કશુ જ નથી. ગામ લોકોનુ માનવુ છે કે આ ગામની વસ્તી ઓછી હોવાના કારણે મતોની દષ્ટી રાજકીય મહત્વનું નથી એટલા માટે ઓરમાયુ વર્તન કરવામાં આવી રહ્યું છે.

# મોડાસા ખાતે "બાળ ઉછેર એક અનોખી જવાબદારી" અંગેનો એક દિવસીય સેમિનાર

મોડાસા, તા.૩૧

સોમવાર અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સંકલીત બાળ વિકાસ યોજના અંતર્ગત યોજનાના લાભાર્થી બાળકોનો અને પાલક માતા પિતા સાથે એક દિવસીય મોટીવેશન વર્કશોપ જિલ્લા સમાજ સુરક્ષા એકમ તથા જિલ્લા બાળ સુરક્ષા વિભાગ અરવલ્લીના ઉપક્રમે જિલ્લા વિકાસ અધિકારીનાં અધ્યક્ષતામાં મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

કરી શકે તેમજ પાલક માતા પિતા દ્વારા યોગ્ય શિક્ષણ, પોષણ, આરોગ્યલક્ષી સેવા અને મનોરંજન પુરૂં પાડી બાળકોનો તંદુરસ્ત વાતાવરણમાં ઉછેર થાય અને જીવનમાં સફળ થાય તે રીતનું આયોજન બાળ સુરક્ષા એકમ દ્વારા પુરૂં પાડવામાં આવે છે. આ યોજના દ્વારા પાલક માતા પિતા બાળકોનું પુરતું ધ્યાન રાખે અને ભગવાનનું રૂપ માની સહયોગ આપવા પાલક માતા પિતાઓને વિનંતી કરી હતી.

આ સેમિનારમાં નિષ્ણાંત વકતા મોટીવેશન સ્પીકર, અમદાવાદના દિપકભાઈ તરૈયા તથા મતી ઉમાબેન તરૈયાએ બાળ અધિકારો, બાળ સંભાળ અને મોટીવેશન અંગેના વકતવ્યો આપતાં પાલક માતા પિતાઓને



આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડો. હર્ષિત ગોસાવીએ જણાવ્યું હતુ કે, સમાજ સુરક્ષા દ્વારા બાળ ઉછેર એક અનોખી જવાબદારીનો સેમિનાર યોજવામાં આવ્યો છે તે સરાહનીય છે. પાલક માતા પિતા યોજના હેઠળના લાભાર્થી, વિદ્યાર્થીઓ પ્રેરણા પ્રાપ્ત કરી પોતાના જીવન લક્ષ્યોને સાકાર શિક્ષણ પુરૂં કરાવે તેવી જવાબદારી પાલક માતા પિતાએ નિભાવી પડશે તો તેનો જશ મળશે. શિક્ષણ એ મુલ્યવાન દાન છે એમ સમજી એક બીજાને મદદ કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ અને ડીવાયએસપી ગઢવીએ બાળકો પ્રત્યે પ્રેમ રાખી બાળકને બાળકો પ્રત્યે પ્રેમ રાખી બાળકોને ઉછેરવા અને તેના જીવન ઉપર ધ્યાન રાખી શિક્ષણના સંસ્કાર પુરા પાડવા જણાવ્યું હતું.

આ પ્રસંગે ૧૪૦ જેટલાં બાળકોને અધ્યક્ષ તથા મહાનુભાવોના હસ્તે કીટ વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ પહેલાં તમામ લાભાર્થીઓ, વિદ્યાર્થીઓનું આરોગ્ય વિભાગ દ્વારા મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.


તસવીર : રમેશ વૈષ્ણવ

ખેડબ્રહ્મા નાયબ કાર્યપાલક ઈજનેર ગુહાઈ નહેર પેટા વિભાગ ખેડબ્રહ્માની કચેરીમાં અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવતા ડી.બી.પટેલ આજે વય નિવૃત થતા તેમનો વિદાય સમારંભ કાર્યપાલક ઈજનેર જી. એન. ડામોરના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. જેમાં કર્મચારી મહામંડળના મહામંત્રી આર. એચ. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર આર.વી. દાફડા તથા અન્ય અધિકારીઓએ ડી.વી.પટેલની કામગીરીને બીરદાવી હતી. આ નિવૃત્તિ વિદાય સમારંભમાં અન્ય કચેરીઓના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ફોટા છે.



## ભિલોડાના ખોડંબા નજીક ડુંગર પર આગ લગતા વનરાજી ઝપેટમાં

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં અનેક વાર આગ લાગવાની ઘટનાઓ બની રહી છે સોમવારે સાંજના સુમારે ભિલોડાના ખોડંબા નજીક આવેલા ડુંગર પર અગમ્ય કારણોસર આગ લાગતા ધુમાડાના ગોટે ગોટા નીકળતા ગ્રામજનોના ટોળેટોળા ડુંગરની આજુબાજુ ઉમટ્યા હતા આગ ની ઝપેટમાં ડુંગર પર ની વનરાજી બળીને ખાખ થઈ જતા પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે નિરાશા ફેલાઈ હતી ડુંગર પર આગ લાગવાની ઘટનાને એક કલાક કરતા વધુ સમય વીતવા છતાં વન વિભાગ તંત્ર સમગ્ર ઘટનાથી અજાણ હોય તેમ ઘટનાસ્થળે પહોંચ્યું ન હતું.

# થર્ટી ફર્સ્ટની મોડાસા બી.બી.એ કૉલેજના વિદ્યાર્થીઓએ અનોખી રીતે ઉજવણી કરી

મોડાસા, તા.૩૧

વર્ષ ૨૦૧૮ ની વિદાય અને નવીન ૨૦૧૯ ના સ્વાગત માટે વિશ્વ આખું થનગનાટ અનુભવે છે અને ઠેરઠેર વૈવિધ્યપૂર્ણ ઉજવણીઓ થઈ રહી છે ત્યારે મોડાસાની બી.બી.એ કોલેજના વિદ્યાર્થીઓ એ ભારતીય સંસ્કૃતિને વિકૃતરૂપે દર્શાવતી ખર્ચાળ અને સુગ ચડે તેવી ઉજવણી ઉજવણીથી દૂર રહીને સાત્વિક શુદ્ધ સંસ્કારને અનુરૂપ દિવ્યાંગ સ્કૂલના બાળકો સાથે ઉજવણી કરી વિવિધ ચીજ વસ્તુઓની ગિફ્ટ આપી હતી

મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત બી. એચ. ગાંધી બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ૨૦૧૮ના અંતિમ દિવસ ની વિદાયને શહેરની પાંચ દાયકાથી કાર્યરત બહેરા-મૂંગા શાળા ના દિવ્યાંગ બાળકો સાથે ભેટ- સોગાદ- નાસ્તો વગેરે આપીને ઉત્સાહપૂર્વક ઉજવી હતી. બાળકો પૈકીના બે દિવ્યાંગ બાળકો નો આજે જન્મદિવસ પણ હોવાથી કેક કાપીને શુભેચ્છાઓ આપવામાં આવી હતી દિવ્યાંગ બાળકોએ ઈશારાથી સૌનો આભાર માનીને પોતાના ભાઈ-બહેનો કે માતા-પિતાને મળ્યા તુલ્ય અનહદ આનંદ વ્યક્ત કર્યો હતો અનોખી ઉજવણીની ને વધાવી કોલેજના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ જે શાહ, બી.બી.એ કોલેજ ના આચાર્ય ડો. તુષારભાઈ ભાવસાર એ સરાહના કરી હતી.



# પ્રાંતિજ ખાતે શ્રીમદ્ દેવી ભાગવત કથાની પૂર્ણાહુતિ

પ્રાંતિજ, તા.૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ પદરેણુ દ્વારા ધર્મપ્રેમી લોકોને કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું તો પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી



હરિહરેશ્વર મહાદેવ મંદિર ખાતે મદ્ દેવી ભાગવત કથાનું નવ દિવસ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુ માંથી ધર્મપ્રેમી લોકોએ લાભ લીધો હતો.

પ્રાંતિજ ખાતે આવેલ હરિહરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ હોલમાં દિનેશભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા મદ્ દેવી ભાગવત કથાનું નવ દિવસ્ય માટેનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કથાવક્તા પ.પૂ. જય દેવ દાદા ઉર્ફે ડોંગરેજી ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કથાનો લાભ લીધો હતો તો ઈન્દ્રવદન ભાઈ ભટ્ટ, રમેશભાઈ નરસિંઘાણી, દેવેન્દ્રભાઈ સથવારા, હિતેશભાઈ બારોટ, પ્રસારાજા દ્વારા ધર્મપ્રેમી લોકો અને કથા સાંભળવા આવતાં નગરજનો માટે સુદર વ્યવસ્થા કરવામાં આવી હતી તો કથા માં આવેલ તમામ પ્રકારનું દાન રક્તપિડિતો, રામરોટી, અન્નક્ષેત્રો, વિધાક્ષેત્રે અર્પણ કરવામાં આવ્યું હતું.

### વધામણા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન જશ્નમાં ડુબેલા રહ્યા હતા. ૧૨ વાગતાની સાથે જ સમગ્ર ઓકલેન્ડમાં ઉજવણી શરૂ થઈ હતી. વિશ્વભરમાં ન્યુઝીલેન્ડમાં સૌથી પહેલા નવા વર્ષની એન્ટ્રી થાય છે. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ એશિયન દેશમાં નવા વર્ષની શરૂઆત થાય છે. વર્ષ ૨૦૧૮ને વિદાય આપવા અને વર્ષ ૨૦૧૯નું સ્વાગત કરવા માટે વિશ્વના દેશો સંપૂર્ણપણે તૈયાર થયા હતા. જુદા જુદા દેશોમાં પાર્ટીઓનો દોર નવા વર્ષની શરૂઆત થાય તે પહેલાં જ શરૂ થયો હતો.

### હંગામો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સોમવારના દિવસે બંને પક્ષોના કઠોર વલણના લીધે ચર્ચા થઈ શકી ન હતી. ધાંધલ ધમાલ વચ્ચે કાર્યવાહી બે વખત મોકૂફ કરવામાં આવ્યા બાદ આખરે દિસવભર માટે ગૃહને મોકૂફ કરી દેવામાં આવ્યું હતું. બપોરે ૨.૩૦ વાગે ગૃહની કામગીરી દિવસભર માટે મોકૂફ કરી દેવાઈ હતી. અન્ના દ્રમુકના સભ્યોએ કાવેરી નદી પર બંધના નિર્માણના મુદ્દે પણ ધાંધલ ધમાલ મચાવી હતી.

### ભયજનક મકાનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરીને નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા સરકારી આવાસો બનાવાયા છે. આ ટાવર કોલોનીમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. બીજીતરફ રહેણાંકના મકાનોની સંખ્યા ઘટતા તંત્રના ચોપડને મકાન ઉચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. શહેરમાં સરકારી આવાસો તોડવાની સાથે મજબુતીકરણ હેઠળ લેવાની પ્રક્રીયા પણ ચાલુ હોવાથી સેકટરોમાં રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય હોય તેવા મકાનોની સંખ્યા ઓછી છે. ત્યારે સે-૬ માં પણ નવા આવાસો બાંધવાના મામલે ટુંકમાં જ ખંડેર મકાનો તોડવાનુ કામ શરૂ કરી દેવાશે. જેમાં પોલીસ સ્ટેશનની સામેના વિસ્તારમાં સે-૬ ડી ખાતે જુદી જુદી કક્ષાના ૪૦ જેટલા બ્લોક તોડી નાંખવામાં આવશે. જયારે જગ્યા ખુલ્લી થતા આ ઠેકાણે નવા આવાસો તૈયાર કરાશે. બી અને સી કક્ષાના આ આવાસો તૈયાર થયા બાદ કર્મચારીઓની મકાનોની પ્રતિક્ષા યાદીનો પણ નિકાલ થશે.

### દયાજનક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠંડી સાથે ગાંધીનગર રાજયના સૌથી ઠંડા શહેર તરીકે ઉભરી આવ્યુ છે. જયારે સતત ઠંડીના લીધે કોલ્ડવેવની અસરથી નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. બીજીતરફ સવારે અસહ્ય ઠંડી વચ્ચે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઘટતી જાય છે. વહેલી સવારે અને સાંજ ઢળતા જ નાગરિકો ઘરમાં પુરાયેલા રહે છે. ઠંડીના ઉગ્ર મિજાજ વચ્ચે દિવસ દરમિયાન પણ શિતલહેરના લીધે નગરજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. આકરી ઠંડી વચ્ચે વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ પણ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે. વહેલી સવારે આક્રમક કોલ્ડવેવના લીધે મોર્નિંગ સ્કુલમાં જતા વિદ્યાર્થીઓએ ઠંડીમાં ઠુંઠાવાનો વારો આવ્યો છે. આવા સંજોગોમાં શાળાઓના સમયમાં ફેરફાર કરવા માટે પણ વાલીઓએ પ્રબળ માંગ ઉઠાવી છે. જો કે આ મામલે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા કોઈ નિર્ણય લેવાયો નથી. આકરી ઠંડીના સંજોગોમાં શિક્ષણ વિભાગે અગાઉ જારી કરેલા પરિપત્ર મુજબ ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે હોય ત્યારે ડીઈઓ કક્ષાએથી નિર્ણય લઈ શાળાઓને જરૂરી સુચના આપી સમયમાં ફેરફાર કરવા સુચવાયુ છે. જયારે ડીઈઓ કક્ષાએથી પણ શાળાના આચાર્યોને આ મામલે ઠંડીની અસરને ધ્યાને લઈ શાળાના સમયમાં ફેરફાર કરવા માટે જણાંવાયુ હતુ. પરંતુ આ નિર્ણયની કોઈ અસર ગાંધીનગરમાં નથી. ગાંધીનગરની માર્નિંગ સ્કુલમાં શાળાએ જતા વિદ્યાર્થીઓ સવારની આકરી ઠંડીમાં ઠીંગરાઈ રહ્યા છે. વાલીઓમાં પણ આ મામલે ચિંતા પ્રવર્તી છે. સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ ગરમ કપડામાં લેપટાયેલા જોવા મળે છે.આમછતા ઠંડીની અસરથી બચી શકતા નથી. તબીબી સુત્રોના જણાંવ્યા મુજબ પણ આકરી ઠંડીના દિવસોમાં બાળકોને માથામાં પવન ઘુસી જવાથી ગંભીર બીમારીઓ પણ થાય છે. આવા સંજોગોમાં આકરી ઠંડીથી બચવા માટે વહેલી સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓના સમયમાં ફેરફાર કરવામાં આવે તે અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

### હાજરી વખતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકાર દ્વારા ઘણાં વર્ષોથી અનેકવિધ અખતરા કરવામાં આવી રહ્યા છે. જેમાં ગુણોત્સવ સાથે વિવિધ કલા-કારીગરી શીખવાડવાની તાલીમ બાદ હવે દેશપ્રેમની ભાવના જગાડવા રાજસ્થાનનો પ્રયોગ અજમાવવામાં આવશે. જો કે વર્ષો અગાઉથી ગુજરાત રાજયની કેટલીક શાળાઓમાં પણ આ પ્રથા ચાલી રહી છે. રાજયની દરેક શાળાઓમાં શિક્ષક દ્વારા પૂરવામાં આવતી હાજરીમાં વિદ્યાર્થી પ્રેઝન્ટ સર કે યસ સર બોલે છે. તેના બદલે હવે બાળકોમાં દેશપ્રેમની ભાવના જગાડવા માટે વિદ્યાર્થીને જાયભારત કે જયહિન્દ બોલાવવાનું આયોજન સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. રાજ્યના શિક્ષજમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં દેશભક્તિનું સિંચન કરવા માટે આ એક શ્રેષ્ઠ માર્ગ હોવાથી તેનાં અમલ અંગે વિચારણા કરવામાં આવી રહી છે. જો કે ગુજરાત રાજયમાં ઘણી શાળાઓમાં આ પ્રયોગ વર્ષોથી ચાલી રહ્યો છે. જયારે રાજસ્થાનની દરેક શાળાઓમાં પણ વિદ્યાર્થીઓની હાજરી પૂરવામાં આ જ પદ્ધતિ ચાલી રહી છે. દરેક શાળામાં શિક્ષણની સાથે મળતા વાણી, વિચાર અને વર્તનની બાળક પર સીધી અને ઘેરી અસર પડતી હોય છે. આથી આવી નાની બાબતથી પણ બાળપણમાં જ દેશપ્રેમના પાઠ શીખવાડવા આ નવતર પ્રથા ટૂંકમાં જ અમલી બનવવામાં આવશે. સરકાર શાળાઓમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા અને વિદ્યાર્થીઓમાં સારા ગુણોનો વિકાસ અને સિંચન કરવા કટિબધ્ધ છે.

### ફુલો નિખરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોંપાયુ છે. જયારે વિવિધ થીમ આધારિત સર્કલોને વિકસાવાયા છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ નગરના સર્કલોની જાળવણીનુ કામ પણ હાથ ધરાયુ છે. શહેરના સર્કલોની યોગ્ય દરકાર લેવા તેમજ સુશોભિત કરવા માટે પણ તંત્રએ જવાબદાર સંસ્થાઓને સુચના આપી દીધી છે. શહેરના સર્કલોની સફાઈ તેમજ રંગરોગાન પણ હાથ ધરવામાં આવ્યુ છે.આ ઉપરાંત સર્કલોમાં હરિયાળી નિખારવા ઉપરાંત જુદા જુદા પ્રકારના પ્લાન્ટેશનની કામગીરી પણ આરંભી દેવામાં આવી છે. શહેરના છ-૩ સર્કલની જવાબદારી મેરીટાઈમ બોર્ડને સોંપવામાં આવી છે. નાના અમથા આ સર્કલમાં હાલ જાસુસ અને ચાંદનીના રોપાઓનુ વાવેતર કરવામાં આવી રહ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વી વી આઈ પી મહાનુભાવોની અવરજવરનો ધ્યાનો લઈ આ સર્કલમાં રંગબેરંગી ફુલો નિખરે તે મુજબનુ આયોજન કરી દેવાયુ છે. આ ઉપરાંત વિધાનસભાના રોડ નં-૬ પાસે પણ બોગનવેલના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જયારે પાસેના વોક વેને અડીને સ્થિત જગ્યામાં કડવી મહેંદીના રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે.


## તલોદ નગરપાલિકા

## જાહેરનામુ

તલોદ નગરપાલિકા વિસ્તારમાં મકાન બાંધકામનો તોડફોડ કચરો રોડ સાઈડ પર ગમેતેમ ફેંકવામાં આવે છે. જેના કારણે જાહેર રોડ રસ્તા પર ગંદકી ફેલાય છે તેમજ ટ્રાફીકને અડચણરૂપ થાય છે. MSW રૂલ્સ ૨૦૧૬ અન્વયે કન્સ્ટ્રક્શન એન્ડ ડીમોલેશન.

કચરો જાહેરમાં ન ફેંકવા પ્રતિબંધ મુકવામાં આવે છે. તેમજ આવો કચરો ઘનકચરા નિકાલની સાઈડ સર્વે નં. ૧૨૬માં નિકાલ કરવાનો રહેશે. આ ઉપરાંત નગરપાલિકા વિસ્તારમાં નાગરિકો, બિલ્ડરોનો સી એન્ડ વેસ્ટ ઉપડાવવાનો હોય તો નગરપાલિકામાં લેખીત અરજી આપી ૧ ટ્રેક્ટર ટ્રોલી ફેરા દીઠ રૂ. ૧૦૦૦/- (એક હજાર પુરા) વસુલ લઈ સી એન્ડ ડી વેસ્ટ નિકાલ કરી આપવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| દિપસિંહભાઈ એમ. હઠીલા | બાબુભાઈ જી. પટેલ | તેજુસિંહ એમ. ઝાલા | નરેન્દ્રસિંહ જી. સોલંકી |
| ચીફ ઓફીસર | કારોબારી અધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ |
| તલોદ નગરપાલિકા | તલોદ નગરપાલિકા | તલોદ નગરપાલિકા | તલોદ નગરપાલિકા |